For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



## હાલમાં ડેમના પાંચ દરવાજા ખોલાયા, બંધના નીચલા વિસ્તારમાં તંત્રના તકેદારીના પગલાં

# નર્મદામાં આવક ચાલુ રહે તો આજે સવારથી 2.86 લાખ ક્યુસેક પાણી છોડશે

### વડોદરા જિલ્લાના નીચાણ વાળા વિસ્તારોના ગામોમાં લોકોને સાવચેત રહેવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા: ઉપરવાસમાં પડતા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલા પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી આજતા. ૩૧,૦૭,૨૦૨૫, ૧૧: ૩૦ કલાકે સરદાર સરોવર બંધનાં ૦૫ દરવાજા ૨.૦૦ મીટર ખોલવામાં આવ્યા છે. જેને કારણે બંધના નીચલા વિસ્તારમાં ૫૦,૦૦૦ ક્યુસેક પાણી વહેશે. આ જ પ્રમાણે પાણીની આવક રહે તો આવતીકાલ સવારે 8 કલાકથી લગભગ ૨.૮૬ લાખ ક્યુસેક પાણી છોડાવાની જાહેરાત કરવામાં આવી છે.

નદી તળ વિદ્યુત મથક (R.B.P.H) નાં ૦૫ મશીનો અને સરદાર સરોવર બંધનાં દરવાજાના-સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ ૮૬,૦૦૦ (૩૬,૦૦૦+ ૫૦,૦૦૦) ક્યુસેક પાણી છોડવામાં આવશે.

આથી સરદાર સરોવર બંધનાં નીચાણવાળા વિસ્તારોમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ના થાય તે માટે સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 138.68 | 131.00 | 7151.67 | 75.60% | 4,22,495 | 85,367 | 4,190 | 2.71 | 6.57% |
| મીટર મહત્તમ સપાટી | મીટર હાલની સપાટી | MCM ગ્રોસ સ્ટોરેજ | પાણીનો સંગ્રહ | ક્યુસેક પાણીની આવક | ક્યુસેક પાણીની જાવક | ક્યુસેક કેનાલમાં પાણીની જાવક | સે.મી. છેલ્લા ૨૪ કલાકમાં પાણીની સપાટીમાં વધારો | છેલ્લા ૨૪ કલાકમાં પાણીની સપાટીમાં વધારો |

## ડભોઇ તાલુકાના નર્મદા નદી કાંઠાના 7 ગામોને એલર્ટ કરાયા



**ડભોઈ** : ગુજરાત ના જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ માં મધ્યપ્રદેશ ના ઓમકારેશ્વર ડેમ ઓવરફ્લો થતા પાણી છોડવા મા આવ્યું છે જેને લઈને સરદાર સરોવર ડેમ માથી 1.30 લાખ ક્યુસેક પાણી નર્મદા નદી માં છોડવામાં આવતા ડભોઇ તાલુકાના નર્મદા નદી કાંઠા ના સાત ગામો જેમકે ચાંદોદ, નંદેરિયા, કરનાળી સહિતના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે સાથેસાથે સંભવિત અસરગ્રસ્ત ગામ ના તલાટી ઓ ને ગામ માં રહેવા જણાવ્યું છે ડભોઇ ની સાથે શિનોર તાલુકાના કાંઠા ના ગામો ને પણ એલર્ટ કરાયા છે.

## નર્મદા ડેમના પાંચ દરવાજા ખોલવા પડ્યા..!

**દર પ્રતિ 2 કલાકે 33 સેમીનો વધારો થતા ભરૂચ સહિત ત્રણ જિલ્લાનાં કાંઠાનાં ગામો એલર્ટ**

### નર્મદા ડેમમાં જળસપાટી 131 મીટરને ઓવરટેક, ઓવરફ્લોથી 7 મીટર દૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.31

મધ્ય પ્રદેશના ઓમકારેશ્વર ડેમમાંથી પાણી છોડવામાં આવતા સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં ભારે વધારો થઇ રહ્યો છે.ગુરુવારે સિઝનમાં પહેલીવાર ડેમના પાંચ દરવાજા 2 મીટર ખોલી નર્મદા નદીમાં પાણી છોડાઈ રહ્યું છે.હાલમાં ડેમની જળસપાટી 131 મીટરને પાર કરી ગઈ છે. જે ઓવરફ્લોથી માત્ર 7 મીટર દૂર છે. ઉલ્લેખનીય છે કે, નર્મદા ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર છે.ભારે વરસાદ અને પાણીની સતત આવકને કારણે ડેમ એની કુલ સંગ્રહ ક્ષમતાના 70 ટકા કરતાં વધુ ભરાઈ ગયો છે, જેના પગલે એને 'વોર્નિંગ સ્ટેજ' પર એલર્ટ કરવામાં આવ્યો છે.આ સ્થિતિને તંત્રએ હરકતમાં રહીને નર્મદા સહીત ભરૂચ અને વડોદરા જીલ્લાના કાંઠે વસતા ગામોને તકેદારી રાખવાની સુચના આપી છે.

ડેમમાં હાલ 4,22,495 ક્યુસેક પાણીની પ્રચંડ આવક થઈ રહી છે, જેને કારણે કુલ સંગ્રહ ક્ષમતાના 75.60% પાણીનો સંગ્રહ થઈ ચૂક્યો છે, જે 7151.67 MCM (મિલિયન ક્યુબિક મીટર) થાય છે. પાણીના આ ભારે પ્રવાહને નિયંત્રિત કરવા માટે, ડેમના 5 દરવાજા 2 મીટર સુધી ખોલીને નદીમાં 85,367 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે કેનાલમાં 4,190 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. સરદાર સરોવરના ઉપરવાસના કેચમેન્ટ વિસ્તારમાં સતત ભારે વરસાદ વરસી રહ્યો છે. આ ઉપરાંત મધ્યપ્રદેશના ઓમકારેશ્વર ડેમના 19 દરવાજા 2.39 મીટર સુધી ખોલીને 30 જુલાઈના રોજ સાંજે 5 કલાકે 4,40,965 ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું.

## વડોદરાના નર્મદા નદી કાંઠા વિસ્તારમાં તંત્રની બાજ નજર : એલર્ટ મોડમાં



**શિનોર** : સરદાર સરોવર માંથી નર્મદા નદીમાં પાણી છોડાયા બાદ વડોદરા ના શિનોર તાલુકા, કરજણ તાલુકા માંથી પસાર થતી નર્મદા નદી ના પાણી માં વધારો જોવા મળ્યો છે. કરજણ નર્મદા નદી કાંઠા વિસ્તાર માં આવતાગામો સાયર, નાની કોરલ, લીલાઈપુરા, મોટી કોરલ, પુરા, ઓઝ, અરજનપુરા, દેલવાડા, સોમજ, સગડોળ, આલમપુરા, શિનોર નર્મદા નદી કાંઠા વિસ્તાર માં આવતા ગામો બરકાલ, મોલેથા, દરિયાપુરા, ઝાંઝડ, અંબાલી, શિનોર, માંડવા, સુરાસામળ, કંજેઠા, દિવેર, માલસર, કરજણના નારેશ્વર નર્મદા નદી ઘાટે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

## છાણી સ્મશાનમાંથી લાકડા લઈ જવા મામલો કોંગ્રેસના કાઉન્સિલરો સાથે ઝપાઝપી

# સ્મશાનમાં 4 હજાર મણ લાકડાની માલિકીને લઈને સતિષ પટેલ-હરીશ પટેલ આમને સામને

### ઝપાઝપી બાદ પોલીસ મથકમાં અરજીઓ, નેતાઓની ઉપસ્થિતિમાં મોડી રાત્રે સમાધાન

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના સ્મશાનોનું ખાનગીકરણ કરવાના નિર્ણય બાદ વિવાદ સતત વધી રહ્યો છે. તેમા ગઈકાલે મોડી રાત્રે છાણી વિસ્તારમાં આવેલા સ્મશાન પરથી ટ્રેક્ટર ભરાઈ લાકડા લઈ જવાતા મામલો વધુ ગરમાયો હતો. સમગ્ર મામલો કૉંગ્રેસના કોર્પોરેટરોને જાણ થતાં તેઓ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. લાકડા લઈ જઈ રહેલા ટ્રેક્ટરના ડ્રાઈવરોનું કહેવું હતું કે, તેઓ સ્થાનિક ટ્રસ્ટના સંચાલક તથા ભાજપના પૂર્વ સ્થાયી સમિતિ અધ્યક્ષ સતીશ પટેલના કહેવા પર લાકડા લઈ જઈ રહ્યા છે. લાકડા છાણી ધર્માદા ટ્રસ્ટના હોવાનું તથા તે આજુબાજુના ગામના સ્મશાનોમાં દાન તરીકે આપવા માટે લઈ જવામાં આવી રહ્યા છે તેમ જણાવાયું હતું. આ દરમિયાન ટ્રસ્ટના પ્રતિનિધિ અને સ્થાનિક ગ્રામજનો પણ સ્થળ પર પહોંચી ગયા હતા. કોંગ્રેસના કોર્પોરેટરો હરીશ પટેલ, જહાં ભરવાડ અને પુષ્પાબેન વાઘેલાએ લાકડાની વિગતવાર માહિતી માંગતા થોડીવારમાં જ બંને પક્ષે તું તું મેં મેં શરૂ થઈ ગઈ હતી. લગભગ અડધો કલાક સુધી બંને પક્ષોમાં ઉગ્ર ચર્ચા અને બોલાચાલી ચાલી હતી. મામલો એટલો ઉગ્ર બન્યો કે કોંગ્રેસના કોર્પોરેટરો સાથે ધક્કા મૂક્કી અને ઝપાઝપી પણ થઈ. આ ઘટનાની જાણ છાણી પોલીસ મથકે થતાં બંને પક્ષે જઈને લેખિતમાં ફરિયાદ નોંધાવી હતી. બાદમાં કોંગ્રેસના વિપક્ષ નેતા ચંદ્રકાંત ભથ્થું, શહેર પ્રમુખ ઋત્વિજ જોશી અને ભાજપના અગ્રણીઓ સહિતના લોકો પોલીસ મથકે પહોંચી ગયા હતા. બંને પક્ષ વચ્ચે ચર્ચા કરીને આ મામલે સમાધાન કરાવાયું હતું અને પોલીસમાં કરેલી અરજી પરત લેવામાં આવી હતી.

તાજેતરમાં વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરના 31 સ્મશાનોનું ખાનગીકરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં અત્યાર સુધી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતા કેટલાક સ્મશાનો હવે ખાનગી કોન્ટ્રાક્ટરને સોંપાયા છે. જેના પગલે છેલ્લા કેટલાક દિવસોથી વિવાદ ચાલી રહ્યો છે. છેલ્લી કોર્પોરેશન સભામાં પણ કૉંગ્રેસે આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. છાણીના સ્મશાન ગૃહની વાત કરીએ તો છેલ્લા 50 વર્ષથી છાણી ધર્માદા ટ્રસ્ટ દ્વારા તેનું સંચાલન થતું આવ્યું છે. જોકે છેલ્લા એક મહિનાથી તેનો કોન્ટ્રાક્ટ ખાનગી પક્ષને સોંપાતા જૂના દાતા અને સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.



### અમારું ગ્રુપ લાકડા ભેગા કરે છે, ટ્રસ્ટ કોઈ લાકડા આપતું નથી

ધર્માદા ટ્રસ્ટમાંથી માત્ર છેલ્લા દિવસની કીટ આપવામાં આવે છે. સાથે જ મોબાઈલ વાન કીટ અને તેના ડ્રાઈવરોના વેતન ધર્માદા ટ્રસ્ટમાંથી ચૂકવવામાં આવે છે. રહી વાત લાકડાની, તો અમારા દસ લોકોનું ગ્રુપ છે જે લાકડા સ્મશાનમાં ભેગા કરે છે. જેમાં કેટલાક સ્થાનિક લોકો પણ સહયોગ કરે છે. અમારી પાસે ટ્રસ્ટના બધા જ પુરાવા છે. લાકડા ટ્રસ્ટમાંથી આપવામાં આવતા નથી.

**- સતિષ પટેલ,** પૂર્વ સ્થાયી સમિતિ ચેરમેન

### સ્મશાનમાં પડેલા લાકડાના માલિક છાણી ગામના લોકો છે

રાત્રે સ્મશાનમાંથી લાકડા લઈ જતા હોવાનું જાણવા મળતા મેં મારા સાથી કાઉન્સીલરોને સ્થળ પર બોલાવ્યા હતા. આ દરમિયાન સતીષભાઈ પણ ત્યાં પહોંચ્યા હતા. સતીષભાઈ લાકડા તેમની માલિકના હોવાનું કહેતા અમે તેમની પાસે પુરાવા માંગ્યા હતા. છાણી સ્મશાનમાં લાકડા છાણી ગુરુદ્વારા પણ દાન કરે છે. છાણી ગામના લોકોએ ધર્માદા ટ્રસ્ટ બનાવ્યું હતું અને તેમાં બધા દાન કરે છે. આ લાકડાના મૂળ માલિકો છાણી ગામના લોકો છે.

**- હરીશ પટેલ,** કોંગ્રેસ કાઉન્સિલર

### મૃતકોના પરિવારજનોએ સ્મશાન માટે એક રૂપિયો પણ આપવો નહીં પડે

પાલિકા દ્વારા કરાયેલા ઇજારામાં એક મૃતદેહ દીઠ મહત્તમ ખર્ચ 2780 નક્કી કરવામાં આવ્યો છે. જેમાં 7 મણ લાકડા, 1200 છાણા, પાંચ પૂળા અને આખરી સામાનનો સમાવેશ થાય છે. આ તમામ ખર્ચ પાલિકા ઉઠાવશે અને મૃતકોના પરિવારજનોએ એક પણ રુપિયો આપવાનો રહેશે નહીં. સાથે જ, મહેકમ ન હોવાના લીધે સ્કિલ્ડ અને અનસ્કિલ્ડ મેનપાવર આઉટ સોર્સથી લેવામાં આવશે. જેમાં તેમને સરકારી નિયમો મુજબ બધા ફાયદા પણ મળશે.

## રૂ.2.31 કરોડની ઠગાઈની આરોપની જામીન અરજી રદ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

અમદાવાદ મેમનગર ખાતે આવેલા સનસેટ રોહાઉસમાં રહેતા ઉદય રમેશ ઓઝા તથા યશ જિજ્ઞેશ વાઘાણીએ ગત 22 એપ્રિલ 2024ના રોજ પોતે રજિસ્ટ્રર બ્રોકરના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપીને તેમને સોશિયલ મીડિયા ગ્રૂપમાં એડ કર્યા બાદ તેમાં રોકાણ કરવા માટેની ટિપ્સ આપીને તમે રોકાણ કરશો તો 30થી 50 ટકા પ્રોફિટ થશે તેવી લાલચ આપીને તેમની ફરિયાદી પાસેથી અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં રૂપિયા 2.31 કરોડ ટ્રાન્સફર કરાવડાવ્યાં હતા. પરંતુ રોકાણ રૂપિયા નફા સાથે પરત આપ્યા ન હતા. જેની સાઈબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે આરોપી ઉદય ઓઝાએ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરાવી હતી. જેમાં ડીજીપી અનિલ દેસાઇ દ્વારા ધારદાર દલીલો કરાઇ હતી. જેથી કોર્ટે આરોપીની જામીન અરજી રદ કરવાનો હુકમ કર્યો છે.

## ફરીવાર આવી સ્થિતિ સર્જાઇ તો કડક પગલાં લેવાશે: પાલિકાની ચેતવણી

# કુંજ પ્લાઝામાં પાણી ભરાવાની સમસ્યા, પાલિકા દ્વારા બીજીવાર નોટિસ ફટકારી

### ડેવલપરને બાંધકામ પરવાનગી મુદ્દે નોટિસ ફટકારી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.31

રાજમહેલ રોડ પર આવેલા કુંજ પ્લાઝા ખાતે સતત વરસાદના કારણે વરસાદી પાણી ભરાવાની ફરી ઘટના સામે આવતા મહાનગરપાલિકાએ બિલ્ડિંગ માલિકોને તાત્કાલિક પાણી ખાલી કરવાની ચેતવણી આપતી નોટિસ આપી છે. પણ ફરીવાર આવી સ્થિતિ સર્જાઈ તો કડક પગલાં લેવાશે એવી પાલિકા તરફથી ચેતવણી આપવામાં આવી છે. મચ્છરજન્ય રોગચાળો ફેલાવા ના ખતરા સામે શહેરનાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ અને જનજાગૃતિ અભિયાન પણ હાથ ધરાયા છે.

વડોદરા શહેરમાં ચોમાસાની ઋતુ દરમિયાન સતત વરસતા વરસાદના કારણે રાજમહેલ રોડ પર આવેલ કુંજ પ્લાઝા બિલ્ડિંગ ફરી એક વાર વિવાદમાં આવ્યું છે. બિલ્ડિંગ ના ધાબા તથા આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદી પાણી ભરાઈ જતા ત્યાં મચ્છર ઉછેર યોગ્ય પરિસ્થિતિ સર્જાઈ છે.



શહેરના આરોગ્ય વિભાગની ટીમે તાજેતરમાં સ્થળ પર તપાસ કરતાં સામે આવ્યું કે સ્થળે ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને મેલેરિયા જેવા રોગો ફેલાવવાનો મોટો ખતરો છે. જેથી મહાનગરપાલિકાએ કુંજ પ્લાઝા બિલ્ડિંગ માલીકોને નોટિસ આપી છે અને પાણી તાત્કાલિક દૂર કરવાની સૂચના આપી છે.

પાલિકા દ્વારા નોટિસમાં ચેતવણી આપવામાં આવી છે કે જો વારંવાર આવી પેરિસથી થશે તો કડક પગલાં લેવામાં આવશે. પાલિકા દ્વારા જાહેરમાં મોટી જવાબદારીપૂર્વક સ્વચ્છતા અંગેની અપીલ પણ કરી છે કે દરેક નાગરિક તેમના આસપાસ પાણી ભરાવું નહીં થાય તેની કાળજી લે.

પાલિકા સહીત આરોગ્ય તંત્ર સજાગ છે, શહેરના વિવિધ વિસ્તારોમાં ફોગિંગ, લાર્વા મશીનનો છંટકાવ અને ઘરમાં સફાઈ અંગે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે. આરોગ્ય તંત્રએ જાહેરમાં અપીલ પણ કરી છે કે કોઈની પણ આસપાસ ભરાયેલા સ્થાઈ પાણી હોય તો તરત પાલિકા તંત્રને જાણ કરવી.

પાલિકાએ આ પહેલાં પણ કુંજ પ્લાઝાને નોટિસ અપાઈ હતી. ઉપરાંત, બિલ્ડિંગ અંગે જમીન વિવાદ તથા અનધિકૃત બાંધકામના મુદ્દે પણ જાણીતી છે. અગાઉ 23 જૂને પણ પાલિકા દ્વારા બિલ્ડિંગના ડેવલપરને બાંધકામ પરવાનગી બાબતે સ્પષ્ટતા માંગતી નોટિસ આપવામાં આવી હતી.

## બેઠકો ઘટાડતા હોસ્ટેલ એડમિશનમાં કોમર્સના વિદ્યાર્થી સાથે અન્યાય

# હોસ્ટેલ સત્તાધીશોએ કોમર્સના એફવાયના વિદ્યાર્થીઓ માટે માત્ર 200 બેઠકો ફાળવી

### કોમર્સના વિદ્યાર્થીઓના નાછૂટકે વધારે પૈસા ખર્ચીને પીજી તરીકે બહાર રહેવાનો વારો આવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

વિવાદોના વંટોળમાં ઘેરાયેલ એમ.એસ.યુનિવર્સિટીમાં કોમન એક્ટ લાગુ થયા બાદ વિદ્યાર્થીઓના પ્રશ્ને અનેક વિવાદ સામે આવ્યા હતા. ત્યારે હવે હોસ્ટેલમાં એડમિશનને લઇ નવો વિવાદો સામે આવ્યો છે. કોમર્સના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓછી બેઠકો ફાળવવામાં આવતા હવે ના છૂટકે આ વિદ્યાર્થીઓને વધારે પૈસા ખર્ચી બહાર રહેવાનો વારો આવશે.

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં હોસ્ટેલમાં પ્રવેશની કાર્યવાહી પૂર્ણતાને આરે છે. ત્યારે, યુનિવર્સીટીની સૌથી મોટી કહેવાતી કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં એડમિશન માટે અન્યાય કરાયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓના કહ્યા પ્રમાણે કોમર્સ ફેકલ્ટી સૌથી મોટી ફેકલ્ટી છે. પ્રથમ વર્ષ એફવાયમાં છ હજાર કરતા વધારે વિદ્યાર્થીઓને દર વર્ષે પ્રવેશ આપવામાં આવે છે. આ વર્ષે પણ આટલી જ સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો છે અને તેમાં સેંકડો વિદ્યાર્થીઓ બહારગામના છે. તેની સામે હોસ્ટેલ સત્તાધીશોએ કોમર્સના એફવાયના વિદ્યાર્થીઓ માટે માત્ર 200 બેઠકો ફાળવી છે. ગત વર્ષ કરતા એફવાય બીકોમની 150 જેટલી બેઠકો ઘટાડી દેવામાં આવી છે. આ બેઠકો પર મેરિટના આધારે પ્રવેશ અપાય છે અને તેમાંય 75 ટકા લાવનારા કેટલાય વિદ્યાર્થીઓ પણ પ્રવેશથી વંચિત છે. હવે કોમર્સના વિદ્યાર્થીઓના નાછૂટકે વધારે પૈસા ખર્ચીને પીજી તરીકે બહાર રહેવાનો વારો આવશે. તેની સામે જોકે ચીફ વોર્ડનનું કહેવું છે કે કોમર્સના જે વિદ્યાર્થીઓ એસવાય કે ટીવાયમાં ડિટેન થયા હશે તેમને હોસ્ટેલમાં પ્રવેશ નહીં મળે અને આ ખાલી જગ્યાઓ પર એફવાયના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે.

## અગાઉ થયેલા ઝઘડાની અદાવતે બે યુવકો બાખડ્યાં, ચાકુથી હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.31

શહેરના ગોરવા ગામમાં ચોરાવાળા ફળિયાના ભરતભાઈ પ્રવીણભાઈ પટેલ જમીન લે વેચ 30 જુલાઈના રોજ ઘરેથી ગાયને ઘાસ ખવડાવવા માટે કૂણાલ ચાર રસ્તા પાસેથી ઘાસ લઈને પરત આવતો હતો. ગોરવા ગામ પાસે આઝાદ ખડકીમાં આવેલા ભીમનાથ મહાદેવ મંદિરમાં આગળ પડતી સેવા આપતો હતો. ત્યારે આતિશ અમીન એક વર્ષ પહેલા થયેલા ઝઘડા બાબતે બંને યુવકો વચ્ચે થયો હતો. ત્યારે બંને યુવકો એકબીજા સામસામે ગાળો આપીને મારામારી કરવા લાગ્યાં હતા. ત્યારબાદ બંને સામસામે ચાકુથી હુમલો કર્યો હતો. જેમાં ભરત પટેલને ગોત્રી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. બંને યુવકો ગોરવા પોલીસ સ્ટેશનમાં સામ સામે ફરિયાદ નોધાવી છે.